# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-12-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## પીએમ સૂર્યઘર

**પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના' હેઠળ 5 લાખથી વધુ રૂફટોપ સોલાર સિસ્ટમના સ્થાપન સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે આ યોજના હેઠળ નાગરિકોએ કુલ 3 હજાર 778 કરોડ રૂપિયાની સબસિડીનો લાભ મેળવ્યો છે. આ યોજનામાં 65 હજાર 233 રૂફ્ટોપ સિસ્ટમ સ્થાપન સાથે સુરત જિલ્લો અગ્રેસર રહ્યો છે. ઉલ્લેખનીય છે, માર્ચ 2027 સુધીમાં આ યોજના અંતર્ગત 10 લાખ રહેણાંક રૂફટોપ સોલાર સિસ્ટમ સ્થાપવાના લક્ષ્યમાંથી 50 ટકા પૂર્ણ લક્ષ્યાંક હાંસલ કરાયું છે.**

**------------------------------------------------------------------------------------------**

## માંડવી – બીચ ફેસ્ટિવલ

**માંડવીના રમણીય દરિયાકિનારે યોજાનાર બીચ ફેસ્ટીવલની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે. આગામી 21 ડિસેમ્બર રવિવારથી ૩૧ ડીસેમ્બર સુધી આયોજિત થનારા આ ફેસ્ટિવલમાં પ્રવાસીઓના આકર્ષણ માટે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરાયું છે. જેમાં પ્રખ્યાત કલાકારો દ્વારા દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.**

**આ ઉપરાંત બીચ પર વિવિધ સાહસિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરાયું છે. સાથે જ વોલીબોલ, સોકર અને ક્રિકેટ જેવી બીચ સ્પોર્ટ્સ, સેન્ડ આર્ટ, બોન ફાયર, સ્ટાર ગેઝિંગ અને લેઝર લાઈટ શો પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે.**

**------------------------------------------------------------------------------------------**

## પાંજી ધી પાંજી શાન

દીકરીઓના વિકાસને વેગ મળે તે હેતુથી ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજના અમલી છે. આ યોજના અંતર્ગત કચ્છમાં વિવિધ નવતર કાર્યક્રમો જેવા કે બાલિકા પંચાયત, મિશન ખાખી, દીકરી ગામ, એક શામ બેટીઓ કે નામ, જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. દીકરીઓનું ગૌરવ વધે તેવા હેતુથી આ શ્રેણીમાં હવે "પાંજી ધી પાંજી શાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમને સંતાનમાં માત્ર એક દીકરી હોય અથવા જેમણે દીકરીને દતક લીધેલી હોય તેવા માતા-પિતા અથવા દીકરીનો ઉછેર કરતા પાલકનું સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમ હેઠળ કચ્છમાં વસવાટ કરતાં પ્રથમ ૩૦ પરિવારને ભાગ લેવાની તક મળશે. જેથી વહેલા તે પહેલાના ધોરણે નામની નોંધણી કરાવવાની રહેશે. નોંધણીની લીંક માટે મોબાઈલ નંબર ૯૫૧૦૩૦૬૧૯૭ ઉપર **WhatsApp** પર "પાંજી ધી પાંજી શાન" નામ લખીને મેસેજ કરવા જિલ્લા  મહિલા અને બાળ વિકાસ અધિકારીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## લઘુમતી અધિકાર દિવસ

આજે આંતરરાષ્ટ્રીય લઘુમતી અધિકાર દિવસ નિમિત્તે માઈનોરીટી કોઓર્ડીનેશન કમિટી ગુજરાત દ્વારા ભુજ ખાતે ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.  આ કાર્યક્રમમાં લઘુમતી સમુદાયના બંધારણીય અધિકારો, વિકાસ અને રક્ષણ સંબંધિત મુદ્દાઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સામાજિક, ધાર્મિક અને રાજકીય આગેવાનો તેમજ વિવિધ વર્ગોના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------

## વીર પરિવાર સહાય યોજના

જિલ્લા ન્યાયાધીશ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા ભુજ આર્મી સ્ટેશનના સહયોગથી મિલિટરી સ્ટેશન ખાતે 'માનવ અધિકાર દિવસ'ની ઉજવણીના ભાગરૂપે વિશેષ કાનૂની જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ,નવી દિલ્હી દ્વારા અમલમાં મુકાયેલી 'વીર પરિવાર સહાય યોજના **2025**' અંગે ઉપસ્થિત જવાનો અને અધિકારીઓને વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન અપાયું હતું.

ઉપસ્થિત જવાનોને સંબોધતા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ બી.એમ.પ્રજાપતિએ જણાવ્યું હતું કે, દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનાર જવાનો અને તેમના પરિવારજનોને કાનૂની હક, સહાયતા અને ન્યાય સુલભ બને તે માટે રાષ્ટ્રીય અને જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં છે. 'વીર પરિવાર સહાય યોજના" હેઠળ શહીદ જવાનોના પરિવારજનોને મફત કાનૂની સહાય, વળતર યોજનાઓ અંગે માર્ગદર્શન, દસ્તાવેજીકરણમાં સહાય તેમજ કાયદેસર હકો માટે મદદ કરવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યું હતું.

કાર્યક્રમમાં પ્રશ્નોત્તરી સત્રનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જવાનોના કાનૂની સહાય અને વિવિધ યોજનાઓના સંબંધિત પ્રશ્નોના સ્થળ પર જ ઉકેલ આપવામાં આવ્યા હતા.

---

## મુન્દ્રા : આરોગ્ય તપાસણી કેમ્પ

સરકારી કર્મચારીઓના સ્વાસ્થ્યની સુખાકારી જળવાઈ રહે તેવા હેતુ સાથે મુંદરા તાલુકા પંચાયત કચેરી ખાતે વિશેષ આરોગ્ય તપાસણી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા આયોજિત આ કેમ્પમાં કર્મચારીઓના હિમોગ્લોબિન, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર તેમજ હૃદય સંબંધિત બીન ચેપી રોગો માટે જરૂરી પરીક્ષણો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દરેક કર્મચારીના એક્સ-રે લેવાયા હતા અને વજન-ઊંચાઈ માપીને શારીરિક ક્ષમતાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કર્મચારીઓને માનસિક તણાવથી દૂર રહેવા, પૌષ્ટિક આહાર લેવા અને દૈનિક જીવનમાં યોગ-વ્યાયામનો સમાવેશ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

---

## ટ્રાફિક પોલીસ ફૂટ પેટ્રોલિંગ

ભુજ શહેરના બસપોર્ટ આસપાસ વાણિયાવાડ, બજાર વિસ્તારમાં શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ હાથ ધરાયું હતું. આ દરમિયાન ટ્રાફિકમાં અડચણરૂપ બનતા વાહનો અને નો-પાર્કિંગમાં ઊભા રખાયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરમાં ટ્રાફિકના નિયમોનું પાલન થાય અને વાહન ચાલકો અને રાહદારીઓ સરળતાથી અવરજવર કરી શકે તે માટે ટ્રાફિક નિયમનની આ કામગીરી કરવામાં આવી હતી.

---

## હવામાન

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી બદલાતા હવામાન વચ્ચે આજે ઠંડીના જોરમાં આંશિક ઘટાડો જોવા મળ્યો હતો.

જિલ્લાના વિવિધ મથકોએ લઘુતમ તાપમાનમાં ગઈકાલની સરખામણીએ સામાન્ય વધારો નોંધાતા ઠંડીમાં થોડી રાહત થઇ છે., આજે નલિયામાં લઘુતમ તાપમાન ૧૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું જયારે જિલ્લા મથક ભુજમાં ૧૫.૨ ડિગ્રી અને કંડલામાં ૧૭.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

---